વર્ષ દરમિયાનના ખર્ચા

| વિગત | રૂ. |
|---|---|
| પાવર-વીજળી(૨૦% સ્થિર) | ૨૦૦૦૦૦ |
| ભોજન ખર્ચ (૩૦% સ્થિર) | ૮૬૦૦૦૦ |
| મકાન મરામત (૪૦% સ્થિર) | ૫૮૦૦૦૦ |
| ધોલાઇ ખર્ચ (૭૫% ચલિત) | ૨૦૮૦૦૦ |
| સજાવટ ખર્ચ (૫૦% ચલિત) | ૩૨૦૦૦૦ |
| ઑફિસ ખર્ચ (૬૦% સ્થિર) | ૮૦૦૦૦ |

વોશિંગ મશીન રૂ.૮૦૦૦૦૦માં તા ૭-૮-૨૦૧૩ના રોજ ખરીદ્યા હતા, જેના પર ૧૦% ઘસારો ગણો,જે ચલિત ખર્ચ ગણવાનો છે.આપેલી માહિતી પરથી દૈનિક પથારીદીઠ પડતરની ગણતરી દર્શાવતું પત્રક તૈયાર કરો.

પ્ર-૨ ટૂંકનોંધ લખો ૧૫

(૧) સામાન્ય બગાડ અને અસામાન્ય બગાડ

(૨) સામાન્ય યંત્ર અને વિશિષ્ટ યંત્ર

(૩) સેવા-પડતર પધ્ધતિના લક્ષણો

અથવા

પ્ર-૨ હનુંમાન લિ.ની એક વસ્તુ તૈયાર થતા પહેલા ત્રણ પ્રક્રિયામાથી પસાર થાય છે અને ત્યાર પછી તૈયાર માલ ખાતે લઇ જવામાં આવે છે. તા ૩૧-૦૩-૨૦૦૫ ના મહિના દરમિયાન પ્રક્રિયા-૧માં ૪૦૦૦ એકમો રૂ.૬ લેખે દાખલ કરવામાં આવ્યાં.અન્ય માહિતી નીચે મુજબ છે. ૧૫

| વિગત | પ્રક્રિયા-અ | પ્રક્રિયા-બ | પ્રક્રિયા-ક |
|---|---|---|---|
| પરચૂરણ માલસામગ્રી | ૨૦૮૦૦ | ૧૫૮૪૦ | ૨૭૧૨૦ |
| પ્રત્યક્ષ મજૂરી | ૧૮૦૦૦ | ૨૮૦૦૦ | ૪૦૦૦૦ |
| ઉત્પાદનના પરોક્ષ ખર્ચા | ૧૪૦૦૦ | ૨૦૦૦૦ | ૩૨૦૦૦ |
| ખરેખર ઉત્પાદન(એકમો) | ૩૮૦૦ | ૩૩૬૦ | ૩૦૦૦ |
| સામાન્ય બગાડ(દાખલ કરેલ એકમના ટકા) | ૫% | ૧૦% | ૧૫% |
| સામાન્ય બગાડની એકમ દીઠ વે. કિ. | રૂ. ૪ | રૂ. ૮ | રૂ. ૧૦ |

ઉપરની માહિતીને આધારે પ્રક્રિયાના ખાતા તૈયાર કરો અને દરેક પ્રક્રિયાની એકમ દીઠ શોધો.અસામાન્ય બગાડના અને અસામાન્ય વધારાના ખાતા પણ તૈયાર કરો.